| PUBLICATION NAME : | Gujarat Samachar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 30/11/23 |
| PAGE : | 4 |

# કોલેજમાં ભણતા વિદ્યાર્થીને ઉદ્યોગ શરૂ કરવા માટે ૪૦ હજારની સહાય અપાશે

ગાંધીનગર, બુધવાર

કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નાના ઉદ્યોગ શરૂ કરવા માટે ૪૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય ચૂકવવામાં આવશે. પ્રાથમિક તબક્કે ૫૦૦ જેટલા નોડલ ઓફિસર નિયુક્ત કરીને ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવશે. રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ દ્વારા 'વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસીની અમલવારી માટે EDII (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયા) સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.રાજ્યની સરકારી બિન સરકારી અનુદાનિત આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લો કોલેજો તથા ગ્રામ્ય વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને અભ્યાસની સાથે સાથે ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા તથા તેઓને પ્રોત્સાહન મળી રહે તે માટે આ પોલિસી બનાવવામાં આવેલી છે.પ્રાથમિક તબક્કે આ યોજનાનો લાભ પસંદગી પામેલા ૨૦૦૦ વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીઓને આપવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે જેના કારણે વિદ્યાર્થીઓને વિચારોને નવો ઓપ મળશે. સ્કીલ ખિલશે અને ઉદ્યોગનું એક પ્લેટફોર્મ મળી રહેશે.